બળબળતો ઉનાળો હોય તો પંખા વગર રહી નહીં શકાય તેવી કાળઝાળ ગરમીમાં બત્તી ગૂલ થઈ જાય તો શું તમે ગરમીમાં રહી શકો? ભણવું જરૂરી હોય અને લાઈટ ચાલી જાય તો અંધારામાં વાંચી જ નહીં શકાય કાંઈક આવી જ પરિસ્થિતિમાંથી ડુંગરસિંહ સોઢાનું બાળપણ પસાર થયું. રાજસ્થાનમાં પાકિસ્તાનની બોર્ડર નજીક વસેલા બાડમેર જિલ્લાના સાંખલી ગામમાં તેજ આંધી, ધૂળધૂળ કરી નાખતું વાવાઝોડું ફૂંકાવું સામાન્ય વાત છે. સવારે ઊઠો અને ઘરની બહારનો નજારો જુવો તો લાઈટના થાંભલા પડી ગયા હોય એટલે અઠવાડિયું દસ દિવસ તો અંધારપટ અને ત્વચાને દઝાડતી ગરમીમાં રહેવું પડે તે અલગ. ત્યારે ભણવું તો કપરું જ લાગે. ત્યારે નાનકડા ડુંગરસિંહ એક સપનું જોતા પોતાના ગામને દિવસભર વીજળી મળી રહે. પોતાના જ નહીં બીજા ગ્રામીણ ક્ષેત્રોને પણ વીજળીની સમસ્યા દૂર કરવા ડુંગરસિંહ જે કર્યું તે ખરેખર કાબિલે તારીફ છે. તેમણે સુરતમાં રહીને શેનો આવિષ્કાર કર્યો, તેનાથી કેટલી હદે વીજળીની સમસ્યાથી છુટકારો મળે, તેમના સંશોધનનો ફાયદો બીજા કયા દેશના લોકોને મળી રહ્યો છે? તે આપણે તેમના જ શબ્દોમાં જાણીએ.

CREATIVE માઈન્ડ્સ



## દેશ-વિદેશમાં વિજળી ઉત્પન્ન કરી રહેલી
# સુરતની ટેક્સટાઈલ માર્કેટમાં કામ કરતાં યુવાને ડિઝાઈન કરેલી પોર્ટેબલ પવનચક્કી



### આ પવન ચક્કી ચલાવવા માટે 5 kmની ઝડપે પવન જોઈએ અને તે હાઇરાઇઝ બિલ્ડીંગ, ફાર્મ હાઉસ, ગાર્ડનમાં લગાવી શકાય છે

ડુંગરસિંહે જણાવ્યું કે, મેં પેટન્ટ કરાવેલી આ પવન ચક્કી 5 kmની ઝડપે ફૂંકાતા પવનમાં પણ ચાલે છે. પંખાના આકારની આ પોર્ટેબલ પવન ચક્કીને હાઇરાઈઝ બિલ્ડીંગ્સ, ગાર્ડન, ફાર્મ હાઉસ, સી ફેસ એરિયા, રોડ ડિવાઈડર પર પણ લગાવીને વીજળી ઉત્પાદન કરી શકાય છે.



### ગામમાં વીજળી ચાલી જતી તો છાણ, મીઠાનો ઉપયોગ કરી બલ્બ સળગાવી લાઈટ મેળવતા

પોર્ટેબલ પવન ચક્કી બનાવનાર ડુંગરસિંહ સોઢાએ જણાવ્યું કે મારા ગામમાં વીજળી ચાલી જાય તો 7-8 દિવસમાં ફરી વીજ પ્રવાહ શરૂ થાય તો અમારા નસીબ નહીં તો મહિનો મહિનો લાઈટ નહીં આવે. આવી સ્થિતિમાં હું છાણ દ્વારા રસાયણિક પ્રક્રિયા કરીને જૂના બલ્બનો ઉપયોગ કરી વીજળી ઉત્પન્ન કરતો અને ભણતો બસ ત્યારે જ મેં નીર્ધાર કર્યો હતો કે એક દિવસ હું એવું સંશોધન કરીશ જેનાથી વીજળીની સમસ્યાનું નિરાકરણ થઈ શકે.

### ડુંગરસિંહે બનાવેલી પોર્ટેબલ પવન ચક્કી આ દેશોમાં ગઈ છે

ડુંગરસિંહ સોઢાની પહેલી પવન ચક્કી મુંબઈમાં ગઈ હતી. આપણા દેશમાં કેરલા, તામિલનાડુ, સાઉથ ગુજરાતમાં સોનગઢમાં ગઈ છે. વિદેશમાં પણ તેમની બનાવેલી પવન ચક્કી પસંદ કરાઈ રહી છે. કેન્યા, ઝામ્બીયા, કોંગો, U.K., યમન, ઉઝબેકિસ્તાન, નેપાળ સહિત 22 કન્ટ્રીઝમાં આ પોર્ટેબલ પવન ચક્કી મોકલવામાં આવી છે.



### સુરતમાં આવ્યા બાદ ડેંગ્યુ થયો અને પછી બનાવી દીધી પોર્ટેબલ પવન ચક્કી : ડુંગરસિંહ સોઢા

ડુંગરસિંહ સોઢાએ જણાવ્યું કે રાજસ્થાનમાં ધોરણ 10 સુધી ભણ્યા બાદ આગળ સાયન્સ ફેકલ્ટીમાં સ્ટડી કરવી હતી પણ તે નહીં થઈ શકતા સુરત આવી ગયા. પણ અહીં કપડા માર્કેટમાં કામ કર્યું પછી કોમ્પ્યુટર લાઇન પકડી. ઉચ્ચ શિક્ષણ પણ મેળવ્યું તે દરમિયાન ડેંગ્યુ થતા ઘરે આરામ કરતી વખતે આવી ચકકી બનાવવાનો વિચાર આવી ગયો. એક મિત્ર પાસેથી 50 હજાર રૂપિયા લીધા અને પછી પવન ચક્કી બનાવવાનું શરૂ કર્યું. તેમાં એક વર્ષ બાદ સફળતા મળી તો સ્વર્ગ મળ્યાની અનુભૂતિ થઈ અને પહેલું જે પોર્ટેબલ ટર્બાઇન બનાવ્યું તે મેં હજી સુધી નથી વેચ્યું.

# લગનના ગિફ્ટિંગમાં આવ્યો ફૂડ હમ્પર્સનો અનોખો ટ્રેન્ડ

રીશ્તે



એવું માનવામાં આવે છે ને કે કોઈને પણ ખુશ કરવાનો રસ્તો એટલે પેટ પૂજા કરાવવી એટલે કે સ્વાદિષ્ટ વાનગીઓ સામે ધરવી કે પછી સરપ્રાઈઝ ગિફ્ટ આપવી. તેમાં પણ સરપ્રાઈઝ તરીકે યમ્મી ફૂડ સરસ રીતે ડેકોર કરીને ગિફ્ટ હેમ્પરમાં અપાય તો સામેની વ્યક્તિ તમારી પર ઓળઘોળ થઈ જાય. જ્યારે લગ્ન નક્કી થઈ જાય ત્યારે ભાવિ દુલ્હા કે દુલ્હન એકબીજાના પરિવારને ખુશ કરવા ફૂડ ગિફ્ટ હેમ્પર મોકલી સાસરિયાના દિલોમાં રાજ કરવાનો માર્ગ બનાવી રહ્યા છે. આવા ફૂડ હેમ્પરનો ટ્રેન્ડ સુરતમાં ક્યારથી જોવા મળે છે, આવા ફૂડ હેમ્પરમાં કઈ વાનગીઓ શામિલ કરાય છે, ફૂડ હેમ્પર બીજા ક્યા ક્યા રિલેટિવ્ઝ માટે તૈયાર કરાય છે ? ચાલો આપણે તેના વિશે જાણીએ..



### સ્પેશ્યલ ફીલિંગ કરાવવા ભાવી દુલ્હા-દુલ્હન એકબીજાના પરિવારને મોકલાવે છે ફૂડ હેમ્પર: સીમરન કંદોઈ

સેફ સીમરન કંદોઈએ જણાવ્યું કે જ્યારે કોઈના લગ્ન થવાના હોય તેવા ભાવી દુલ્હા દુલ્હન એકબીજાને અને તેમના પરિવાર સ્પેશ્યલ ફિલ કરાવવા કે સરપ્રાઈઝ આપવા આવા ફૂડ હેમ્પર તૈયાર કરાવીને મોકલાવે છે. જો કોઈ બેન બીજા શહેરમાં રહેતી હોય તો તે રક્ષાબંધન પર ભાઈને ત્યાં આવા ફૂડ હેમ્પર મોલાવાના ઓર્ડર આપતી હોય છે. પાર્ટી કરતા હોય ત્યારે ફ્રેન્ડ્સ માટે પણ ફૂડ હેમ્પર બનાવતા હોય છે.

### ફૂડ હેમ્પર ફૂલો અને ફોટોના કટ આઉટથી કરાય છે ડેકોરે



ઘણા લોકો ડેકોરેટ કરેલા ફૂડ હેમ્પરની ડિમાન્ડ કરતા હોય છે. ફ્રેશ ફ્લાવર્સ, ફોટોના કટઆઉટથી આવા હેમ્પરને આકર્ષક દેખાવ આપવામાં આવે છે. જો કોઈ ફેમિલી પંજાબી કે રાજસ્થાની હોય તો તેવી થીમ પરના કટઆઉટ હોય છે. સિલ્વર કે વ્હાઇટ સિક્વન્સથી પણ આવા હેમ્પરને ડેકોરેટિવ લુક આપવામાં આવે છે. 5 કે 45 જેટલા વ્યક્તિઓ માટે આવા ફૂડ હેમ્પર બનાવવાના ઓર્ડર આપવામાં આવે છે.



### ફેન્સી અને અટ્રેકટિવ ફૂડના બને છે ફૂડ હેમ્પર

સેફ સીમરને જણાવ્યું કે, ફૂડ હેમ્પર મોકલવાનો ટ્રેન્ડ સુરતમાં બે અઢી વર્ષથી છે. આવા ફૂડ હેમ્પર ફેન્સી અને એટ્રેકટિવ ફૂડ માટે જ તૈયાર કરાતા હોય છે જેમકે, અટ્રેકટિવ ડેઝર્ટ, ફ્રૂટ્સ અને નટ્સના ચીઝ પ્લેટર, બ્રાઉની, ડ્રાય કેક વિ. એક ફૂડ હેમ્પરમાં ચાર સેવરી આઈટમ અને એક ડેઝર્ટ હોય છે. બ્રેકફાસ્ટ ની વસ્તુઓ માટે પણ હેમ્પર બનાવાય છે. આવા પ્લેટરમાં ઇન્ડિયન, મેક્સિકન વગેરે અલગ અલગ વેરાયટીની ડિશિઝ હોય છે.

LifeStyle Trends

ફેબ્રુઆરી મહિનો પ્રેમી યુગલો, નવપરિણિતો માટે ખુશી લઈને આવે છે. વેલેન્ટાઈ ડે પહેલાના 7 દિવસ અલગ અલગ દિવસો ઉજવીને વેલેન્ટાઈન વીક ઉજવવામાં આવે છે. ચોકલેટ ડે અને રોઝ ડે એવા દિવસો છે જયારે ફિલ વ્યક્ત પણ કરી પ્રપોઝ કરે છે. ચોકલેટ વ્યક્તિના જીવનમાં મીઠાશ પાથરતી હોવાથી વેલેન્ટાઈન વીકમાં પ્રેમી યુગલ કે લાઈફ પાર્ટનર એકબીજાને ચોકલેટની ગિફ્ટ આપી પોતાના પ્રેમનો ઇઝહાર કરે છે. તો ગુલાબનું ફૂલ તો પ્રેમનું પ્રતીક જ ગણાય છે એટલે તેના વગર તો વેલેન્ટાઈન ડે અધૂરો ગણાય. પણ હવેના યંગસ્ટર્સ તેમાં પણ કાંઈક નવું માંગતા થઈ ગયા છે એટલે ગુલાબના ફુલને નવું જ સ્વરૂપ આપી ડેઝર્ટ અને સ્વીટમાં ફેરવી તેના એટ્રેકશનમાં વધારો કરાયો છે અને એવા ફલાવર પોટ્સ બનાવાયા કે જેને તમે ખાઈને બોલી ઊઠો આ વેલેન્ટાઈન ડે તો યમ્મી બની ગયો. તો ચાલો આ વેલેન્ટાઈન પર સુરતી યુગલ પોતાના પ્રિય પાત્રને કેવા ડેઝર્ટ, સ્વિટ્સ અને ચોકલેટની ગિફ્ટ આપી વેલેન્ટાઈન વીકને યાદગાર બનાવશે તે જાણીએ...



# આ વખતે વેલેન્ટાઈનના રોઝ, બૂકેઝ અને ગિફ્ટ્સ ફક્ત દેખાવડાં જ નહી ટેસ્ટમાં પણ યમ્મી હશે

### ખાઈ શકાય તેવા ચોકલેટ ફ્લાવર પોટ અપાય છે ગિફ્ટમાં



માટીના કુંડામાં ઉગાડવામાં આવેલા પ્લાન્ટ પર ફૂલ ખીલી ઊઠ્યાં હોય તેવા ચોકલેટના ફ્લાવર પોટ્સ વેલેન્ટાઈન પર પ્રિય પાત્રને ગિફ્ટ આપવાનો ટ્રેન્ડ સુરતમાં જોવા મળી રહ્યો છે. પેપર કપમાં મેલ્ટેડ ચોકલેટનું લેયર કરાય છે અને પછી પેપર કપ કટ કરી ચોકલેટનું પોટ બનાવાય છે તેમાં ઓરિયો બિસ્કિટ માટી તરીકે યુઝ થાય ચોકલેટ અને ક્રીમને મિક્સ કરી પોટમાં મુકાય તેની ઉપર ખાઈ શકાય તેવા પ્લાન્ટ અને ફ્લાવર ખોસવામાં આવે છે. તે દેખાવે ખૂબ જ અટ્રેકટિવ લાગે છે.



### ગુલાબના શેપમાં ડેઝર્ટ અને સ્વિટ્સથી વેલેન્ટાઈન ડેને ખાસ બનાવાય છે

વેલેન્ટાઈન ડે પર રેડ રોઝ અને ચોકલેટનું ખાસ મહત્ત્વ હોય છે. એટલે હવે ગુલાબના શેપમાં અને ચોકલેટનો ઉપયોગ કરીને આકર્ષક અને યમ્મી ડેઝર્ટ બનાવાય છે. તેમાં ક્રીમ પણ યુઝ થાય છે અને કોકો પાઉડરનો સ્પ્રે કરાય છે. તે રેડ રોઝ ઉપરાંત બીજા કલરના રોઝના શેપમાં ડેઝર્ટ અને સ્વિટ્સનો ટ્રેન્ડ છેલ્લાં બે અઢી વર્ષથી જોવા મળે છે. દેખાવે આકર્ષક આવા ડેઝર્ટની વેલેન્ટાઈન ઉપરાંત બર્થડે પાર્ટીમાં પણ ડિમાન્ડ થાય છે.

### ફિમેલ પાર્ટનરને પર્સના શેપની ચોકલેટ ગિફ્ટ કરી તેનું દિલ જીતાય છે

હાર્ટ શેપમાં ચોકલેટની ડિમાંડ વેલેન્ટાઈન ડે પર વર્ષોથી થતી પણ નવું અને યુનિક ઇચ્છતા યંગસ્ટર્સ પોતાની ફિમેલ પાર્ટનરના દિલ જીતવા હવે પર્સ શેપમાં ચોકલેટની ડિમાંડ થવા લાગ્યા છે. તે ડાર્ક ચોકલેટ કલરમાં કે વ્હાઇટ કલરમાં અને મલ્ટી કલરમાં પર્સની ગિફ્ટ આપવાનો ટ્રેન્ડ પણ બે-ત્રણ વર્ષથી જોવા



મળે છે. આવી ચોકલેટ અદ્દલ હેન્ડ બેગ જેવી જ દેખાય છે. આ ઉપરાંત 3D ચોકલેટ, ડબલ સેટ ચોકલેટ લોલીપોપ, ડિઝાઈનર ચોકલેટની પણ ડિમાંડ થઇ રહી છે ડિઝાઈનર ચોકલેટ પર લિપ્સની ડિઝાઇન હોય છે જે સ્ટ્રોબેરી અને રેડ વેલ્વેટના ફ્લેવરમાં હોય છે.



### ચોકલેટ કેક પોપ્સ છે લોલીપોપ જેવા, પિંક રૂબી ચોકલેટથી ફિમેલ પાર્ટનરનું દિલ જીતાય

આ ડિઝર્ટ કેક સ્પંજને ક્રશ કરીને ખાંડની ચાસણીમાં મિક્સ કરી મેલ્ટેડ ચોકલેટમાં ડીપ કરીને બનાવાય છે. તેને કલરફુલ સ્પ્રિંકલર્સથી ડેકોરેટ કરાય છે. વેલેન્ટાઈન વીકમાં ચોકલેટ ડે પર તેને ગિફ્ટ કરી સ્પેશ્યલ ફીલ કરાવાય છે. રૂબી ચોકલેટનો રંગ ગુલાબી હોય છે. તે મીઠી અને ખાટી બંને પ્રકારની હોય છે. પિંક કલર હોવાથી તે ફિમેલ પાર્ટનરને ગિફ્ટ કરી તેનું દિલ જીતાય છે.




મેરી સુરત ટેઢી આંખે

ગજેન્દ્ર મજીઠિયા

*‘સુરત’ - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં ‘સિટીપલ્સ’માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજીંદી જીવનશૈલીના આગવા પાસાઓને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશા છલકાશે!...*

**મહાકુંભમાં સ્નાનનો મહિમા મૂકાયો કોરાણે, સોશિયલ મીડિયા ઉભરાયું ફોટા-વિડીયોના વળગણે**




થયો 144 વર્ષનો મહાકુંભ, સ્નાનનો લાભ લીધો સૌએ... સુરતીઓ પણ પહોંચ્યા પ્રયાગરાજ, આશિર્વાદ આપ્યા નાગા સાધુએ...કરોડોની ભીડે સર્જી ભાગદોડ, કેટલાયની થઈ ગઈ મૃત્યુ તરફની દોડ...રઝળી ગયો સામાન અને ચપ્પલ, કરોડોના ખર્ચે પણ આયોજનમાં ચાલ્યું ધુપ્પલ, હતી આસ્થા ભક્તોની, મહિમા હતો સંગમના સ્નાનનો, લોકોએ તેને બનાવી દીધો ફેસ્ટિવલ ફોટા-વિડીયોના જમાનાનો...